UNITED INTERNATIONAL

GUJARATI CHRISTIAN SOCIETY

NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 email: jospausa@yahoo.com

(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN

EDITOR: JOSEPH PARMAR

Issue-118, Year: 36, March-April-2015



**તંત્રીની કલમે આ પત્ર...** સામાન્ય રીતે બધા લોકો એમ કહેતા થઈ ગયા છે કે, "દુનિયા બહુ નાની થઈ ગઈ છે." દુનિયાને મુલવતા આ નાના વાક્યનો સંદર્ભ સામાન્ય રીતે એવો સમજવામાં આવે છે કે, દુનિયાના કોઈ પણ ખૂણે ખાસ નવાજૂની થાય તો કાચી મિનિટે વિશ્વભરમાં એની જાણ થઈ જાય છે. વ્યક્તિગત કે કુટુંબ સંદર્ભે આપણી કોઈ વ્યક્તિ દુનિયાના કોઈ અન્ય દેશમાં સગાંસંબંધીઓથી અતિ દૂર વસવાટ કરતી હોય તો ફોન-મોબાઈલ ફોન, મેસેજ, ઈ-મેઈલ, વિડિયો કેમેરા, ફેસ બૂક અને અન્ય કેટલાંયે ટેકનિકલ માધ્યમોથી થોડી જ સેકંડોમાં સંપર્ક સાધી શકાય છે અને જાણે રૂબરૂ મળ્યા હોય તેમ અનુભવાય છે! તત્કાલીન પરોક્ષ કે ઓનલાઈન મારફત પ્રત્યક્ષ જેવો સંપર્કથી શકે છે, તેવા અર્થમાં "દુનિયા બહુ નાની થઈ ગઈ છે." તેમ લોકોને લાગે છે.

થોડી વિગતથી સમજીએ; ભારત-ગુજરાતથી ૨૭ વર્ષનો દીકરો 'સ્ટુડન્ટ વીઝા' પર યુએસએમાં આવ્યો છે, ગુજરાતના નાના ગામડામાંથી તેનાં માબાપ કદી મુંબઈ પણ ગયાં નથી. પણ તેમની પાસે 'મોબાઈલ' છે. દીકરો યુએસએના કોઈ એરપોર્ટ પર સહિસલામત ઉતરીને 'કસ્ટમ ક્લીયરન્સ' વિધિ બાદ બહાર આવીને તરત જ માબાપને 'રીંગ' કરે (મારે) છે, "પપ્પા, હું અમેરિકા પહોંચી ગયો છું." આ એક સમજ થઈ કે, દુનિયા નાની થઈ ગઈ છે. આ સ્ટુડન્ટના સગા કાકા-તેના પપ્પાના માજણ્યા સગા મોટાભાઈ સાથે બોલ્યે વ્યવહાર નથી, છેલ્લાં પાંચછ વર્ષથી સારા-માઠા પ્રસંગે કોઈ સંબંધ નથી. નજીવા કારણસર અણબનાવ છે! છતાં તેઓને "દુનિયા નાની થઈ ગઈ લાગે છે." જાણે દુનિયા નાની અને સ્વજનોના પરસ્પર સંબંધે પરસ્પરનાં મન પણ નાનાં, દિલના દરવાજા બંધ!

અમેરિકા પહોંચેલો સ્ટુડન્ટ અમેરિકાના એરપોર્ટના ફોટા તરત જ પોતાના 'ફેસ બૂક' ઉપર 'પોસ્ટ' કરી દે છે અને અનેક 'લાઈક'- 'કોંગ્રેચ્યુલેશન', વગેરે વધાઈ પાઠવે છે, જેઓ 'લાઈક' કે 'આભાર' દર્શાવે છે, તેમાં નજીકના કોઈ સગાં નથી! ખરા અર્થમાં આ સ્ટુડન્ટ અને તેનાં માબાપની 'દુનિયા' નાની થઈ ગઈ ગણાય. પહેલાં તેઓના લોહીના સંબંધોનાં પરિવારો સાથે મનમેળ અને વ્યાવહારિક સંબંધો હતા ત્યારે તેઓની દુનિયા 'મોટી' હતી. અને હવે 'નાની દુનિયા' સાથે તેઓનાં હ્રદય પણ નાનાં થઈ ગયાં!

ઉપરોક્ત 'સ્ટુડન્ટ'નો દાખલો તો એક પ્રતિકાત્મક કાલ્પનિક પ્રસંગ છે. માનવજીવનના આવા તો કેટલાયે નાના-મોટા જીવનવ્યવહારો હકીકતમાં કટૂતાથી ભરેલા અને ભારોભાર પ્રભુ પરમેશ્વરને દુ:ખ પહોંચાડે તેવા હોય છે. ઉપરોક્ત ઉદાહરણ મુજબ જેમ દુનિયા નાની થાય છે, તેમ આપણે આપણા પ્રભુથી દૂર થતા જઈએ છીએ. 'દુનિયા નાની'માં નજીકની વ્યાખ્યા આભાસી છે. ભૈતિક રીતે-પ્રત્યક્ષ નજીક નથી હોતા, છતાં તત્કાલીન સંપર્ક થવાની પ્રક્રિયા દુનિયાને નાની બનાવે છે. હકીકતમાં પ્રભુએ આપેલી પ્રેમની આજ્ઞાથી આપણે જોજનો દૂર થતા જઈએ છીએ.

કેટલાયે શુભ પ્રસંગો આપણે પ્રભુની યાદમાં ઉજવીએ છીએ. 'ક્રિસ્મસ', 'નૂતન વર્ષ' અને આ એપ્રિલમાં 'પાસ્ખાપર્વ'-'ઈસ્ટર' પણ ઉજવીએ છીએ. કુટુંબમાં થતી આવા પ્રસંગોની ઉજવણીમાં કુટુંબનાં સભ્યોનો પરસ્પરનો પ્રેમ દૃઢ થાય છે, અને ત્યારે ખરેખર દુનિયા નાની થઈ હોય છે, અને આપણે સમૂહમિલનમાં પાસે આવ્યાં છીએ અને તેથી પ્રભુની નજીક આવીએ છીએ. આવા પ્રસંગોની ઉજવણી દરમ્યાન જો સગાંસંબંધી, મિત્રો અને શુભેચ્છકો સાથે ભેગા મળવાનું બને ત્યારે ખરેખર સ્વજનોને મળવાનું ટાળીને ત્યાં હાજર એવા પરાયા પણ જેઓ સમભાવે પોતિકાં બન્યાં છે (જો કે આ સારી બાબત છે), તેમને ઉમળકાથી અને હશીખુશીથી મળીએ, ભેટીએ, હાથ મિલાવીએ, વગેરે... પણ જે સ્વજનો ત્યાં હાજર છે, પણ અગાઉ થયેલા અણબનાવથી તેમની સામે પણ જોઈએ નહિ. અને ત્યારે ખરેખર 'દુનિયા ઘણી જ નાની' થઈ જતી હોય છે! અને ત્યારે આપણે પ્રભુને ટાળીને આપણા સ્વમાનને વધુ મહત્વ આપીએ છીએ. આ પ્રકારના અણબનાવોમાં કંઈ "એક હાથે તાળી પડતી નથી"? જે 'સ્વજનો' સાથે અણબનાવને કારણે સમૂહમાં તેમને મળવાનું ટાળવામાં આવે છે, તેમને પણ 'અણબનાવ' અંગે કારણ હશે. બંનેને પોતાની જાતનો અહમ, તેમને ધિક્કાર તરફ દોરી જાય છે અને ત્યારે આપણે પ્રભુના પ્રેમના આદેશને અવગણીને પ્રભુને વધસ્તંભે જડવામાં સહભાગી બનીએ છીએ. આપણને ખબર છે કે, *"કારણ કે જો કોઈ માણસ આખું જગત પ્રાપ્ત કરે પણ પોતાનો પ્રાણ ગુમાવે અથવા તેનો પોતાનો નાશ થાય તો તેને શો લાભ?"* (લૂક-૯: ૫)

આપણે જગતમાં એટલું બધું તો શું પ્રાપ્ત કર્યું કે, પ્રભુને અવગણતાં પણ આપણને શરમ આવી નહિ? *"પ્રભુ, મારો ભાઈ અપરાધ કરે, તો મારે કેટલી વાર ક્ષમા કરવી? સાત વાર?'*-પીતરના આ પ્રશ્નના જવાબમાં ઈસુએ તેને કહ્યું, *"મારો જવાબ છે કે સાત વાર નહિ, પણ સિત્તેર વખત સાત વાર"* (માથ્થી-૧૮: ૨૧-૨૨) જો પ્રભુ ઈસુનાં આ વચનો આપણે જાણતાં હોઈએ છતાં 'સ્વજનો' સાથે મનમેળ ન રાખતાં વાણી-વર્તનથી કટૂતા રાખીએ તો આપણે આપણા મુક્તિદાતાને 'ક્રોસ' ઉપર જડાવામાં સામેલ થઈએ છીએ.

અણબનાવને ગંભીરતાથી નહિ લેનાર નિયમિત "બાઈબલ" વાચન, વ્યક્તિગત અને પારિવારિક પ્રાર્થના, નિયમિત પ્રભુમંદિરની ભક્તિસેવામાં હાજરી, વગેરેથી પોતે પ્રભુમય અને પ્રભુની નજીક હોવાનો સંતોષ અને ગૌરવ માણતા હોય છે. સાથે સાથે પોતાના રોજિંદા વ્યવહારો કઠોર, કટૂતાભર્યા અને નિષ્ઠુર હોય તો આપણે પ્રભુને કોરડા મારવા અને તેને માથે કાંટાનો મુગટ પહેરાવવામાં સામેલ થઈએ છીએ. પરમેશ્વરના પવિત્ર આત્માને દુ:ખી કરીએ છીએ. *"પરમેશ્વરના પવિત્ર આત્માને દુ:ખી કરશો નહિ... તમારામાંથી કડવાશ, ઉશ્કેરાટ, ગુસ્સો, બોલાચાલી, નિંદા અને સર્વ પ્રકારની ભૂંડાશ કાઢી નાખજો. એકબીજા પ્રત્યે મમતા અને કૂણી લાગણી રાખજો, અને ઈશ્વરે ખ્રિસ્ત મારફતે તમને ક્ષમા કરી છે તેમ તમે પરસ્પર કરજો."* (એફેસ: ૩૦-૩૨)

ખરેખર તો આધુનિક ટેકનોલોજીએ તો દુનિયાને 'નાની' બનાવીને માનવોને 'નજીક' લાવવાનું કામ કર્યું છે. કેટલા બધા 'ફેસબૂકિયા મિત્રો' કદી પરસ્પર મળ્યા નથી અને પ્રેમભાવનાથી એકબીજાને ગમતી બાબતો 'શેર' કરે છે-એકબીજાને વહેંચે છે અને એ વહેંચેલી બાબતો બીજાઓને ગમતી અને પ્રેરણાત્મક પણ હોય છે. અને આમ ઘણે દૂર...ના કોઈ માનવીનું સૌજન્ય ઘણાંઓને પ્રેરણા આપતું હોય છે, *"તમે મારું કહ્યું કરો, તો હું તમારો ઈશ્વર, અને તમે મારા લોકો. તમે મારી બધી આજ્ઞાઓ પાળો તો સુખી થશો."* (ઈર્મિયા-૭: ૨૩)

આપણે પ્રભુમય જીવન જીવવાના ગૌરવ સાથે નાના દિલના બનીને પ્રભુ ઈસુને આપેલાં કષ્ટમય અત્યાચારના ભાગીદાર થઈએ છીએ. આપણે 'પાપ' અને 'પુણ્ય'ને સમજી શકતા નથી. "બાઈબલ", પ્રાર્થના, પ્રભુમંદિરની મુલાકાતોને આપણે પુણ્યકાર્ય સમજીએ છીએ અને આવાં પુણ્યનાં કાર્યોની આડમાં 'સ્વજનો' કે અન્ય કોઈને પણ ધિક્કારીએ છીએ, અણબનાવના બહાને કટૂતા રાખીએ છીએ, હુંપદમાં રાચીએ છીએ, અને આ બધી બાબતોને આપણે 'પાપ' ગણતાં નથી!

આપણે પ્રભુની સાથે રહેવું હોય તો આપણી દુનિયાને 'નાની' ન બનાવીએ! આપણા અહમને લીધે ઈર્મિયાએ તેના સમયમાં કહેલી વાત તાજેતરમાં પણ સાચી ઠેરવીએ છીએ-*"આ એ પ્રજા છે જે પોતાના ઈશ્વર પ્રભુનું સાંભળતી નથી કે સુધરતી નથી; સચ્ચાઈ મરી પરવારી છે."* (ઈર્મિયા-૨૪: ૨૮)



"અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ" સાથે કૉમ્યુનીટીના તાજા અને સવિષેશ સમાચારો માટેની વિશ્વવ્યાપી **લોકપ્રિય** વેબ સાઈટ: *jagadishchristian.com*



ક્રુસની વાટે- *ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*
*201-330-0314*

ક્રુસની વાટે ઈસુની સાથે ચાલીએ. તેમનાં દુ:ખદર્દ કેવી રીતે આનંદમાં પલટાયાં? આપણને કેવી રીતે જીવન મળ્યું? તે આ ‘લેન્ટ’ની સીઝનમાં જાણવાની તક મળી. અમેરિકામાં નાનાં નાનાં બાળકો તેમની મનગમતી ચીજવસ્તુઓ આ સીઝનમાં ત્યાગે છે. કોફી, આઈસક્રીમ, ચોકલેટ, વગેરે કે જેના વિના તેમને સહેજ પણ ન ચાલે, તે બંધ કરી દે છે. કેથલિક સ્કૂલોમાં સ્ટુડન્ટ જે વસ્તુઓ ત્યાગે તે વસ્તુના જે પૈસા હોય તે સ્કૂલમાં આપીને તે રકમ ‘મિશનવર્ક’ માટે ઉપયોગમાં લેવાનું શીખવવામાં આવે છે. નાનાં બાળકો જ્યારે ત્યાગ કરે, ઉપવાસ કરે અને કાલીઘેલી ભાષામાં ‘લેન્ટ’નો મહિમા સમજાવે ત્યારે શું આજે આપણે આપણી મનગમતી વસ્તુ વધસ્તંભ પાસે લાવ્યા છીએ?

**ગેથસમા**ની અંધારી ગોઝારી રાતે ઈસુનાં દુ:ખ-દર્દની શરૂઆત થઈ. ઈસુને વધસ્તંભના ક્રૂર મોતની સજા થઈ. **ગલગાથા**ની ઊંચીનીચી ટેકરીઓ પર ભારે વધસ્તંભ ઉંચકીને ઈસુને ચલાવવામાં આવ્યા. ઈસુ ધીમે ધીમે ચાલતા હતા. આજે એવો સમય આવ્યો છે કે, જ્યારે બાળકો રસ્તા પર ચાલે છે, ત્યારે ક્યારે બોમ્બ ફાટશે તેનો ભય છે. રોજના સમાચારોમાં નિર્દોષ બાળકો, મહિલાઓ અને જનસમૂહને જીવતા મોટના મુખમાં ધકેલી દેવામાં આવે છે. રોજ રોજ લોહીની હોળી ખેલાય છે. નિર્દોષ ઈસુની જેમ આતંક આજે માણસોને ભરખે છે. આપણે આ દેશમાં શાંતિથી રહીએ છીએ ત્યારે તેમને ઈસુના પ્રેમનો સંદેશો આપીએ!

વધસ્તંભની વાટે જતાં ઈસુ પ્રથમ વાર પડી ગયા. ભારે ક્રૂસ અને સૈનિકોના માર સામે ઈસુ ભોંયે પટકાય છે. દેવબાપે માનવ સાથે મિલાપ કરાવવાના હેતુથી ઈસુને આ કષ્ટ અને મરણ સહન કરવા જગતમાં મોકલ્યા હતા. એટલે આપણા માટે ઈસુ આ દુ:ખ સહન કરે છે. આજે આતંકમાં જીવતા-મરતા પીડિતોને આપણે પ્રેમ અને હિંમત આપીએ. ભારત અને અન્ય દેશોમાં ખ્રિસ્તી લોકો પર અત્યાચાર થાય છે. **શ્રીમતી ગ્લડીસ સ્ટેઈન**ના પતિ **ગ્રેહામ સ્ટેઈન** અને તેમનાં બે બાળકોને જીવતા જ ધર્માંધ લોકોએ સળગાવી દીધાં હતાં. તાજેતરમાં બંગાળમાં ૭૧ વર્ષની ઉંમરનાં ખ્રિસ્તી સાધ્વી પર બળાત્કાર અને માલમતાની લૂંટનો શરમજનક દુ:ખદ કિસ્સો બન્યો છે. આવા તો રોજના બનાવો બને છે. કાયદો અને વ્યવસ્થા જેવું કશું જણાતું નથી. આજે તો ગરીબ, માંદાં, ભૂખ્યાં, પિડિતો માટે દવા કે ખોરાક નથી. ઈસુ આ ભાર ક્રૂસ પર ઉપાડે છે. આપણે સલામત છીએ ત્યારે ઈસુ આજે આવી પીડાનો ભાર ઉપાડવા સહભાગી થવા આપણને આમંત્રે છે.

યોહાન ૧૯- ૨૬-૨૭ ઈસુએ શિષ્યોને **માતા મરિયમ** અને અન્યોને ક્રોસ પાસે જોયા ત્યારે માને કહે છે, બાઈ, જો તારો દીકરો અને શિષ્યોને કહે છે, જો તારી મા. તે જ ઘડીએ શિષ્ય તેને પોતાને ઘેર તેડી ગયો. ક્રૂસના મરણમાં માતા **મરિયમ**ની વેદના અને દીકરાને આપેલો સાથ એક ઉત્તમ શિક્ષક છે. બાળકે કયા માર્ગે ચાલવું, તે તેમના ઉદાહરણ પરથી શીખી શકાય. પુત્રને વેદના સહેતો જોવો તે માતા માટે અસહ્ય વેદના કહેવાય. ઈસુ દેવના દીકરા હતા છતાં માતાની સોંપણી કરી. આજે આતંકમાં બાળકોએ માતા ગુમાવી છે એવાં અનાથ અને ગરીબ બાળકોની સોંપણી પ્રભુ આપણને કરે છે. વધસ્તંભની વાટમાં ચાલતા **કરીંથીના સિમોને** ઈસુનો વધસ્તંભ ઉપાડવામાં મદદ કરી ત્યારે ઈસુ આભારી થયા.

ઓ પ્રભુ! મિત્ર જ્યારે મદદ કરે ત્યારે હૃદય ખોલીને પ્રેમાળ અને આભારી બનીએ! આપણે પણ બીજાનાં દુ:ખ કે સંકટનો ભાર જોઈને મોં ન ફેરવીએ, પણ રાજીખુશીથી તેમનો ભાર ઉપાડવામાં સહાય કરીએ! ઈસુની વધસ્તંભની વાટે **વેરોનિકા** જેનો બાઈબલમાં ઉલ્લેખ નથી અને **આરીમથાઈનનો યુસુફ** સિપાઈઓના ભયની વચ્ચે પણ ઈસુની પાસે ગયાં. **વેરોનિકા**એ રૂધિરઝરતા મુખને લૂછ્યું, ક્રોસ ઉપાડ્યો. આ એવો સમય હતો કે, ઈસુને પ્રેમ અને સેવાની જરૂર હતી. ઈસુ તો દયાળુ હતા અને છે, આજે આપણને મદદ કરવા તૈયાર છે! “બી મા! હું તારી સાથે છું!” ઈસુની વધસ્તંભની વાટ કેટલી કઠીન છે કે ઈસુ બીજી વાર પડી ગયા. આ જગતમાં લોકો ‘હોમલેસ’-ઘરવિહોણા હોય છે. ઠંડીમાં ફૂટપાથ પર સૂએ છે, મુશ્કેલીમાં રસ્તા પર છે. આ દેશમાં તો ‘શેલ્ટરો’ની સવલત છે. ત્યાં તેમને વિરામ અને દિલાસો મળે છે. પણ અન્ય દેશોમાં ન હોય ત્યાં આ લોકોનું કોણ? ત્યારે આ ઘર-બાર વિનાના લોકોને પ્રભુ દિલાસો આપે છે. પ્રભુ વાટમાં બહેનોને મળ્યા. લૂક-૨૩: ૨૮ **યરૂશાલેમ**ની દીકરીઓ મારે માટે રડો મા! માતાઓ બાળકો માટે આંસુ સારે છે. તેમના ભવિષ્યની ચિંતા કરે છે. આ ભયના સમયમાં તેઓ સલામત રહેશે કે નહિ? ત્યારે ઈસુ કહે છે, રડો મા! ઈસુમાં નવું જીવન મળવાનું જ છે.

વાટમાં ચાલતાં ઈસુ ત્રીજીવાર પડી ગયા. આજે ઘણાં બાળકોને ખાવાનું નથી, ઘર નથી. ઈસુ ગામેગામ ફરતા ત્યારે તેમની પાસે પણ કંઈ ન હતું. **માર્થા, મરિયમ** અને **લાજરસ** તેમને માટે ચિંતા કરતાં. ઈસુ તેમના ઘરમાં વિસામો લેવા જતા. આજે આપણને બીજાની કાળજી લેવાનું પ્રભુ કહે છે.

વાટમાં હવે ઈસુનાં લૂગડાં લઈ લેવામાં આવ્યાં. આજે ઘણાં અર્ધનગ્ન ફૂટપાથો પર રઝળતા લોકો છે. આ બધાને માટે ઈસુ ક્રૂસે જડાયા. ઈસુને કઠણ ને બુઠ્ઠા ખીલ્લાથી જડવામાં આવ્યા. આજે ઘણા દેશોમાં ઈસુની વાતો લોકો સાંભળી શકતા નથી. કેદમાં નાખવામાં આવે છે. ઈસુ અહીં કેદી તરીકે ક્રૂરતાપૂર્વક વધસ્તંભે જડાય છે. ઈસુ બાપની આજ્ઞાને આધિન થયા. વધસ્તંભથી-માથ્થી-૬:૧૫ જો તમે માણસના અપરાધ માફ નહિ કરો તો તમારો બાપ તમારા અપરાધ માફ નહિ કરે. પ્રેમથી એકબીજાને ક્ષમા કરીએ.

ઈસુને ક્રૂસ પરથી ઉતાર્યા,ખાલી કબરમાં મૂક્યા, તે કબરમાં શાંત થઈ ગયા. આજે ઘણાં મૂક રૂદન કરે છે. વેદનામાં છે, તેમને મદદ કરીએ. આપની પાસે જરૂર કરતાં વધુ ન રાખતાં, વહેંચીએ. જે પ્રેમ ઈસુએ કર્યો તે પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે વહેંચીએ. આપણી મુસાફરી અહીં પૂરી થતી નથી. કબરમાં અંત નથી, પણ પુનરૂત્થાનની પ્રભાતે મરણ જયમાં ગરક થઈ ગયું. પ્રેરિતોનાં કૃત્યો-૪: ૪૨ બીજા કોઈથી તારણ નથી, કેમકે આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે અપાયું નથી. ૧ યોહાન-૪: ૧૪ અમે જોયું ને સાક્ષી પૂરીએ છીએ કે પિતાએ પુત્રને જગતનો તારનાર થવા સારુ મોકલ્યો છે.

### “બાઈબલ સ્ટડી”-માર્ચ-એપ્રિલ, ૨૦૧૫ના પ્રશ્નો:

**વિભાગ ૧. ઉત્પત્તિ, નિર્ગમન અને પુનર્નિયમનાં પુસ્તકામાંથી શોધીને જવાબ આપો;**

પ્ર. ૧) યુસુફ કઈ વાતથી રડી પડ્યો?
પ્ર. ૨) યાકુબને કેટલા દીકરા હતા? તેમનાં નામ જણાવો.
પ્ર. ૩) મુસાએ ઈસ્તાએલ પુત્રોને યહોવાહે ફરમાવેલા કયા વચનો પાળવાને કહ્યું?
પ્ર. ૪) દેશનું વતન પામવા સારુ કઈ સાત દેશજાતિઓને હાંકી કાઢવા કહ્યું?
પ્ર. ૫) યહોવાહે હરણ તથા સાબરનું માંસ ખાતી વખતે ખાસ શી સંભાળ રાખવા કહ્યું?

**વિભાગ ૨. ગીતશાસ્ત્ર, નીતિવચન અને યશાયામાંથી શોધીને ખાલી જગ્યા પૂરો;**

પ્ર. ૧) ઈશ્વરના યજ્ઞો તો ___ , ___ , ___ , હે ઈશ્વર તું ___ અને ___ , ___ , ધિક્કારીશ નહિ.
પ્ર. ૨) દેવ આપણો ___ , તથા આપણું છે.
પ્ર. ૩) બખીલ માણસનું ___ ન ખા, તેની ___ , ___ , લોભાઈ ન જા.
પ્ર. ૪) મને ___ ન આપ, તેમજ ___ પણ ન આપ.
પ્ર. ૫) ઢીલા હાથોને ___ ન કરો અને ___ , ___ , સ્થિર કરો.
પ્ર. ૬) યહોવાહ તું અમારો ___ છે, અને અમે ___ , ને તું અમારો કુંભાર.

**વિભાગ ૩. અધુરાં વાક્યો પૂરાં કરો.-(હઝકિયેલ, યુના આમોસ અને હોશિયાના આધારે)**

પ્ર. ૧) યહોવાહે સંહાર કરવા ચાર સખત શિક્ષાઓ ________ મોકલી.
પ્ર. ૨) યહોવાહ કહે છે કે જેમ વનનાં વૃક્ષોમાંના દ્રાક્ષાવૃક્ષને મેં ________
પ્ર.૩) યહોવાહે માછલીને આજ્ઞા કરી ને તેણે ________



“American Christian news” published since 1988, by “Gujarati Christian Church”
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

પ્ર. ૪) હું તમારા ઉત્સવોને ___ છું ને તમારા ___ , ___ , હું મગ્ન થઈશ નહિ.
પ્ર. ૫) યહોવાહના માર્ગો ___ છે, ને ___ , ___ , તે માર્ગે ચાલશે.

**"બાઈબલ સ્ટડી" જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૫ના પ્રશ્નોના સાચા જવાબો મોકલનાર 'બાઈબલપ્રેમી'ઓની યાદી.** સૌને "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"નાં અભિનંદન!

૧) ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિઆ ૨) રીબેકા ડાયલ-ન્યુયોર્ક
૩) લીલીયન જે. જોન-નોર્થ બર્ગન ૪) એમિલ્યા ક્રિસ્ટી-જર્સી સીટી
૫) સ્ટેલા પરમાર- નોર્થ બર્ગન ૬) પુષ્પાબેન વિશ્વાસ-કનેક્ટિકટ.

* **"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"**ને મળેલાં દાનની યાદી-
-$10/, એમેલ્યા ક્રિસ્ટી $10/ ન્યુ જર્સી,

**"અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" ઉદારદીલ દાતાઓનો** હાર્દિક આભાર માને છે! દાન ફક્ત શ્રીમતી રૂથબેનના સરનામે મોકલવાં. તંત્રીના સરનામે કોઈ દાન સ્વીકારવામાં આવશે નહિ, તેની નોંધ લેવી.

**શોધ**-*જોઈસી જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ) (201)-864-4816*

આજકાલ માણસ 'શોધ' કરવામાં વ્યસ્ત રહે છે. 'શોધ' અને 'શોધવું'-એ બન્ને અલગ બાબતો છે. ખોવાયેલું શોધવું અને વૈજ્ઞાનિક શોધ-એ બેમાં તફાવત છે. જૂનાં ફિલ્મી ગીતોમાંનું એક ગીત અનાયાસે સ્મરણમાં આવી જાય છે. હીરોઈનના કાનની વાળી ગૂમાવતાં હીરોઈન હીરો આગળ લલકારે છે, *"ઢૂંઢો ઢૂંઢો રે સાજના ઢૂંઢો મોરે કાનકા બાલા"* (ફિલ્મી જગતના લેખકો, કવિઓ તથા સંગીતકારોને સાચે જ ધન્યવાદ ઘટે છે. ગમે તે વિષય પર ગીતરચના કરવી, રાગ આપવો, લોકપ્રિય ગાયક કે ગાયિકા પાસે ગીત ગવડાવવું, વગેરે તો હિન્દી ફિલ્મી જગતની મોટી ખાસિયતને વધાવ્યા વગર રહેવાય નહિ)

આજનો માનવી શોધી શોધી જમીનમાંથી કોયલો, સોનું, રૂપુ, પિત્તળ, પેટ્રોલ,ડીઝલ, વગેરે જમૈનમાં ઊંડાણે જઈ બહાર લાવે છે. તદ્ઉપરાંત, હવામાંથી ટીવી કિરણો, મોબાઈલ ફોનનાં ધ્વનિકરણ કરતાં કિરણો શોધી શોધી નિજશોખ અને સગવડ સંતોષતાં મહેનત કરવામાં પાછું વાળીને જોતો જ નથી. આ બધું જીવનમાં જરૂરી તો છે જ, પરંતુ જીવન લય પામ્યે શું આ સાંસારિક તથા ભૌતિક સગવડો ઉપયોગમાં લઈ શકાશે? ખ્રિસ્તી જીવન એક અલગ પ્રકારનું જીવન છે. માથ્થી-૬: ૩૩માં પ્રભુ ઈસુ ખ્રિસ્તે શોધ કરવાનો આદેશ આપતાં કહ્યું કે, *"એટલે તમે સૌથી પહેલાં ઈશ્વરના રાજ્યની અને એણે ઈચ્છેલા ધર્માચરણની પાછળ પડો એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે."* ભૌતિક વસ્તુઓની જાતે શોધ ન કરો તો પણ પૈસા ખર્ચીને વસાવી શકશો, પરંતુ દેવને તથા દેવના રાજ્યને શોધવા સ્વપ્રયત્ન કરવો પડશે. સવાલ એ છે કે શું આપણી પાસે દેવની ખોજ કરવા સમય છે? દેવનું રાજ્ય તથા દેવ જેને માળ્યા તેને ખ્રિસ્તના કહ્યા મુજબનું ધર્માચરણ-બધું જ મળી ગયું?

સવાલ એ છે કે, દેવને કઈ રીતે શોધશો? ઈર્મિયા-૨૯: ૧૩માં તરકીબ છે, *"તમે મારી ખોજ કરશો, તો પામશો, કારણ, તમારી ખોજ સાચા દિલની હશે."* પ્રભુ ન મળે ત્યાં સુધી શોધ જારી રાખો. યશાયા-૫૫: ૬માં આદેશ અપાયો છે, *"પ્રભુ જડે ત્યાં સુધીમાં તેને શોધી કાઢો, તે નજીક ત્યાં સુધી તેને પુકારો."* આ ઈશ્વરનો સમય છે. પૃથ્વી પર પ્રભુ ઈસુનું બીજું આગમન ન્યાયાર્થે થાય એ સમય હાથવેંતમાં છે. નિશાનીઓ થતી જાય છે. મરણ તરફ જતાં વય વધે ત્યારે વાળ ધોળા થાય, દાંત પડી જાય, પગ અને વિશેષ તો ઘૂંટણો શરીરનો ભાર વેંઢારવા તકલીફ અનુભવે, કાને કમ સંભળાય, આ બધું મહેસૂસ થાય ત્યારે આપણે મરણ ભણી જતા જઈએ છીએ તે ધ્યાનમાં લેવાનું છે. તે જ રીતે પ્રભુ ન્યાય કરવા આવે ત્યારે તેમની ભવિષ્યવાણી મુજબ ધરતીકંપો, રેલ, દુકાળ, મરકી, લડાઈઓ, લડાઈની અફવાઓ, **ઘરઘરમાં લોહીનું સગપણ ધરાવતી વ્યક્તિઓનું એકમેક વિરુધ્ધનું વર્તન**, જૂઠા ઉપદેશકો ઊભા થાય, એ બધી બાબતો અનુભવાય છે. માટે મિત્રો! સમજી લઈએ. *"ઊંઘમાંથી ઊઠવાની વેળા આવી ગઈ છે."* ઈસુ ખ્રિસ્ત આવી રહ્યા છે.

લૂક ૧૬: ૧૯-૨૧માં ધનવાન તથા લાજરસ ભિખારીની વાત વર્ણવાય છે. ઘર આંગણે પડેલા ભિખારીના ફોલ્લા કૂતરા ચાટતા હતા. શું ધનવાને આ જોયું નહિ હોય? જો પ્રભુ ધનવાનના હૃદયમાં હોત તો એ ધનવાને ભિખારી પર દયા દર્શાવી હોત. દુન્યવી સમૃધ્ધિના જુવાળમાં પ્રભુ બાજુ પર રહી જાય છે. પરિણામ છેવટે શું આવ્યું? ધનવાન નરકાગ્નિમાં બળતા, બળતા, સ્વર્ગમાં શાંતિ અને આનંદથી બેઠેલા ભિખારીને જુએ છે. (આ ધનવાને જીવતાંજીવત ભિખારી સામે જોયું પણ નહોતું) આજે ધનવાન પાણીના એક બૂંદ માટે તલસી રહ્યો છે અને ભિખારીની મદદ ઈચ્છી રહ્યો છે! જેઓ ખ્રિસ્તને નામે બાપ્તિસ્મા પામ્યા છે તેમણે સ્વર્ગીય બાબતોની શોધ કરવાની છે-ખ્રિસ્તમયી બનવું પડશે. ઈસુ ખ્રિસ્તને નામે આપણે જો ઓળખાઈએ છીએ તો ગરીબ, વિધવા, અનાથ, વિસાત વગરના લોકો, કચડાયેલા, પીડિત થયેલા લોકોને પ્રેમનું નજરાણું આપવાનું છે. કઈ રીતે આ કરશો? નાણાં ધ્વારા, જનસેવા ધ્વારા, પ્રાર્થના ધ્વારા, દયાળુ શબ્દોથી સાંત્વન આપવા ધ્વારા, મદદનો હાથ લંબાવી પડતાને ઊભા કરવાનો યત્ન કરવાનો છે. પ્રભુનાં બાળકો તરીકે પવિત્ર જીવન અપનાવવાનું છે. ઈસુના પગલે નિ:સ્વાર્થ પ્રેમ વહેંચવાનો છે. આપણ ખ્રિસ્તીઓની શાખ અન્યધર્મીઓમાં એવી ના હોવી જોઈએ-જેવી કે, ખ્રિસ્તીઓ બેવડાબાજ, અનૈતિક, સ્વચ્છંદી, ગાળો બોલનાર, બિનદાસ્ત-બેફાપણે જીવન ગુજારનાર હોય છે. પ્રભુમય જીવન જીવવા યત્ન કરતા હો તો આત્મિક વાતો અને સુસંગત તરફ વળો. વચનમાં, વર્તનમાં પ્રિતીમાં જે કંઈ તમે કરોતે ખ્રિસ્તને શોભે, ખ્રિસ્તને માન આપે તે રીતે કરો. તમે ક્યાં કઈ રીતે સમય વેડફો છો તે તપાસો. પ્રભુએ આપને જીવન આપ્યું છે, અનેક આશીર્વાદો આપ્યા છે, જીવનમાં ડગલે ને પગલે આપણી જરૂરિયાતો પૂરી પાડી છે. સંકટોમાં પ્રભુ આપણી પડખે રહ્યા છે. પ્રભુનો પ્રેમ અને પ્રભુની કૃપાઓ મળી છે. તો પ્રભુને લજવશો નહિ. માન, મહિમા, સ્તુતિ, ગૌરવ પ્રભુને મળે એ રીતે જીવનના દિવસો વિતાવો. પ્રભુને શોધશો!

* વર્તમાન એપ્રિલ મહિનાની ૧૫મી તારીખ "ટેક્ષ રિટર્ન" ભરીને મોકલવાની છેલ્લી તારીખ છે. ઓછામાં ઓછં ૧૦ વર્ષ સુધી જરૂરી વાર્ષિક આવક ઉપર યોગ્ય ટેક્ષ ચૂકવનારને ૬૫ વર્ષ કે વ્યક્તિની ખરેખરી નિવૃત્તીવયે માસિક "સોશિયલ સીક્યોરીટી નિવૃતી વેતન" મળવાની શરૂઆત થાય છે, જે આજીવન મળવાપત્ર હોય છે. આથી દર વર્ષે ૧૫મી એપ્રિલની તારીખ રોજગારી મેળવતા-આવક ધરાવનાર માટે ઘણી અગત્યની તારીખ છે.

દર વર્ષે માસિક સેલરીમાંથી "સોશિયલ સીક્યોરીટીના ટેક્ષ" કપાઈને મળતી આવક ભવિષ્યની આજીવન નિવૃત્તીની આવક બની રહે તે સમજીને પોતાના લાભ માટે ૧૫મી એપ્રિલ સુધીમાં "ટેક્ષ રિટર્ન" ભરી દેવું જોઈએ.

* માસિક "સોશિયલ સીક્યોરીટી નિવૃતી વેતન" સંદર્ભે ઘણાને પ્રશ્ન હય છે કે, 'રિટાયર્ડ' થયા પછી જો પોતાના મૂળ વતનના દેશમાં જઈએ તો ત્યાં આપણા દેશની બેંકમાં દર મહિને જમા થાય?

સામાન્ય રીતે જે તે વ્યક્તિના યુએસએની બેંકના ખાતામાં "માસિક સોશિયલ સીક્યોરીટી"ની રકમ દર મહિને કોઈ ચોક્કસ તારીખે જમા થતી હોય છે. યુએસએની બેંકની જો ભારતમાં કોઈ શાખા હોય તો, અહીંની તે બેંકમાં ખાતુ ધરાવનારને ભારતની એ જ બેંકની શાખામાંથી કેશ કરવાવૌં સહેલું રહે. બાકી યુએસએની જે બેંકમાં માસિક "સોશિયલ સીક્યોરીટી નિવૃતી વેતન" જમા થતી રકમ જે તે બેંકના ચેકથી ભારતની રાષ્ટ્રીયકૃત બેંકમાંથી રકમ મેળવી શકાય.

* જેઓ યુએસ સીટીઝનશીપ સ્વીકારીને મૂળભૂત ભારતીય હોવાને નાતે **Overseas Citizen of India (OCI)**મેળવે છે, તેઓ જ્યારે જે યુએસ પાસપોર્ટ ઉપર **OCI** મેળવેલ હોય તે મુદત પૂરી થવાથી નવો યુએસ પાસપોર્ટ મેળવે તો ફરીથી **OCI** નવા યુએસ પાસપોર્ટ ઉપર **'OCI સ્ટીકર'** ચીપકાવવું પડે કે કેમ**?**-પ્રશ્ન સંબંધી "ગુજરાત દર્પણ"ના જનહિતેચ્છુ વાચકે ખાસ ધ્યાન દોરીને માહિતીની ચોખવટ કરવા ભલામણ કરી છે-જે અંગે વિગત એવી છે કે;

*"Happy Easter to All Readers"*

૧) જેઓ ૨૦ વર્ષ કે તેથી ઓછી ઉંમરે **OCI** મેળવેલ હોય તો જ્યારે પણ નવો યુએસ પાસપોર્ટ કઢાવે તો દરેક નવા યુએસ પાસપોર્ટમાં **‘OCI સ્ટીકર’** ચીપકાવવું જ પડે. ૨) ૨૧થી ૪૯ વર્ષની ઉંમરની વ્યક્તિએ જે યુએસ પાસપોર્ટ ઉપર **OCI** મેળવેલ હોય તે મુદત પૂરી થવાથી નવો યુએસ પાસપોર્ટ મેળવે તો ફરીથી **OCI** નવા યુએસ પાસપોર્ટ ઉપર **‘OCI સ્ટીકર’** ચીપકાવવું જરૂરી નથી, પણ જો વ્યક્તિ ઈચ્છે તો જ્યારે પણ નવો યુએસ પાસપોર્ટ મેળવે તો એ નવા યુએસ પાસપોર્ટ ઉપર **‘OCI સ્ટીકર’** ચીપકાવડાવીને પોતાનો નવો યુએસ પાસપોર્ટ ‘અપડેટ’ રાખી શકે છે. ૩) જેઓ ૫૦ વર્ષ કે તેથી વધુ ઉંમરે **OCI** મેળવેલ હોય તો જે યુએસ પાસપોર્ટ ઉપર **OCI** મેળવેલ હોય, તેના પછીના નવા યુએસ પાસપોર્ટ ઉપર **‘OCI સ્ટીકર’** ચીપકાવવું જરૂરી ગણાય છે.

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને **એપ્રિલ-2015 વિઝા બુલેટીન**

| **ફેમિલિ કેટેગરી** | જાન્યુ-2015 | ફેબ્રુ-2015 | માર્ચ-2015 | **એપ્રિલ-2015** |
|---|---|---|---|---|
| **F-1** | 08 July-07 | 22 July-07 | 01 Aug-07 | **01** Aug-**07** |
| **F-2 A** | 15 April-13 | 08 May-13 | 22 Jun-13 | **01** Aug-**13** |
| **F-2 B** | 01 April-08 | 22 May-08 | 08 July-08 | **22** Aug **-08** |
| **F-3** | 22 Dec-03 | 01Jan-04 | 22 Jan-04 | **08** Feb-**04** |
| **F-4** | 22 Mar-02 | 15 April-02 | 15 May-02 | **15 Jun-02** |

**પાછળના ત્રણ મહિનાની વિગતના આધારે પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે જાણીને વિઝા ક્યારે નીકળશે તેનો અંદાજ કાઢી શકાય.** ઉપરોક્ત કોઠા મુજબ **એપ્રિલ -2015ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં સગીર સંતાનો અને **21 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો**-01 August-2007** (આ મહિને **આગળ વધી નથી**)

**નોંધ: (યુએસ સીટીઝનનાં** પતિ/પત્ની, **યુએસ સીટીઝનનાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન, યુએસ સીટીઝનનાં** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન વિઝા** મળે. માસિક/વાર્ષિક **વિઝા-ક્વોટા મર્યાદા લાગુ પડતી નથી**

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં **પતિ/પત્ની** અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો**-01 August-2013** (આ મહિને સારી એવી **40 દિવસ** આગળ વધી છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં **21વર્ષ કે તેથી વધુ ઉંમરનાં અપરણિત** સંતાનો-**22 August-2008** (ગયા મહિનાથી સારી એવી **45 દિવસ આગળ વધી** છે)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો**-08 February-2004** (આ મહિને **17 દિવસ આગળ** વધી **છે,** યુએસ સીટીઝન માબાપ સમાચાર ઠીક છે)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન**-15 June-2002** (ગયા મહિનાથી **31 દિવસ આગળ વધી** છે, જે ભાઈ-બેન માટે સારા સમાચાર)

uscis.gov વેબ સાઈટ ઉપરની છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી.

**ઉપરોક્ત બુલેટીન મુજબ જો આ મહિને ફાઈલ કરવામાં આવે તો.. F-1** માટે **7 વર્ષથી વધુ** રાહ જોવી પડે. **F-2 A** હવે છેલ્લા **4 મહિનાથી આગળ જાય છે,** તેથી **2થી 3** વર્ષ **વધુ રાહ જોવી પડશે. F-2 B** માટે **7** વર્ષ **6** મહિના રાહ જોવી પડે. **F-3** માટે **12** વર્ષ **થી વધુ** રાહ જૂઓ અને **F-4** માટે **13-14** વર્ષ રાહ જોવી પડે, **F-3** જે **પરણિત સંતાનની માતા કે પિતાએ કરેલી ફાઈલના કરતાં F-4-જે ભાઈ કે બહેને પોતાના ભાઈ કે બહેન માટેની ફાઈલ વહેલી આગળ વધે છે.** ‘બ્લડ રીલેશન’-લોહી સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, સંતાનો, માતા/પિતાની-**ફેમિલી કેટેગરીની બધી ફાઈલો ચાલુ જ છે. વિઝા ફી ચૂકવી હોય તો કશી** રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ છે.

**From:-AMERICAN CHRISTIAN NEWS**

Community Paper soliciting your Co-operation

**I.D. # 11-2917985 August 28, 1988**

**“Gujarati Christian Church”**

17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

**Phone # (732) 750-4064-**(Ruthben Christian)

**રોજગાર આધારિત વીઝા બુલેટીન-એપ્રિ-2015**

| **કેટેગરી** | **અગ્રતા તારીખ** | **ગયા માસથી આગળ/પાછળ** |
|---|---|---|
| **E 1-**નિષ્ણાત કામદારો | **તત્કાલીન** | **વર્તમાન** |
| **E 2-** ધંધાકીય ડીગ્રીધારકો | 1 September 2007 | **32 અઠવાડિયાં આગળ** |
| **E 3-** કુશળ કારીગરો | 8 January 2004 | **1 અઠવાડિયું આગળ** |
| **E W-**અન્ય કામદારો | 8 January 2004 | **1 અઠવાડિયું આગળ** |
| **E 4-** ચોક્કસ પ્રકારના વસાહતીઓ | **તત્કાલીન** | **વર્તમાન** |
| **E** 5-રોજગારી ઉત્પન્ન કરનારા | **તત્કાલીન** | **વર્તમાન** |
| ધાર્મિક વ્યક્તિઓ | **તત્કાલીન** | **વર્તમાન** |

* અમેરિકામાં રહેતા જે કોઈ ખ્રિસ્તી ભાઈબેનને **American Christian News** નિયમિત મેળવવાની ઈચ્છા હોય તો **પોતાનું પોસ્ટલ** અથવા **ઈ-મેઈલ એડ્રસ,** તંત્રીશ્રીને મોકલવા વિનંતી! **તંત્રીનું સરનામું અને ઈ-મેઈલ નોંધી રાખશોજી!**

ફેબ્રુઆરી-2015

Editor-ACN,
144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095
Phone: 732-855-0596 * *Email: jospausa@yahoo.com*

* **ખાસ સૂચના:- American Christian News (ACN)** માં પોતાના લેખ પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવનારે **પોતાનાં તમામ લખાણ સીધાં જ તંત્રીશ્રીના સરનામે મોકલવાં.** કેટલાક માનનીય શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનના સરનામે મોકલે છે, તેથી લેખક પોસ્ટલ સ્ટેમ્પ્સનો ખર્ચ કરે, અને રૂથબેન એ જ લેખ તંત્રીને મોકલવા ફરીથી પોતે પોસ્ટલ સ્ટેમ્પ્સ ખર્ચે, આમ ડબલ ખર્ચ થાય, વળી લેખ તંત્રીને મળતાં બમણો સમય જાય, તે ઠીક નથી. દર બે મહિને પ્રસિધ્ધ થતા **American Christian New** માટેના લેખ-લખાણો **નવેમ્બર મહિનાની ૧૫-૨૦ તારીખ સુધીમાં બારોબાર તંત્રીને મોકલીને** સહકાર આપવા વિનંતી!

-લખાણની શરૂઆતમાં લેખકે પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર અને જો હોય તો ઈ-મેઈલ એડ્રસ સાથે લેખ મોકલ્યાની તારીખ અચૂક લખવી.

-“બાઈબલ સ્ટડી”ના જવાબો શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવા.

-આપનાં દાન ફક્ત રોકડમાં પોસ્ટલ સ્ટેમ્પ્સ માટે શ્રીમતી રૂથબેન ક્રિશ્ચિયનને સરનામે મોકલવાં.

-“અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ”માં પ્રસિધ્ધ થતાં લખાણો અંગે જે તે લેખક જવાબદાર રહેશે.

નીચેની બૂકો **“અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ”**ના વાચકો માટે ઓછા દરે ખરીદી શકાય છે; (1) **“અમેરિકામાં સીનિયરોને મળતા લાભો”-$13.00** (શીપિંગ સહિત),

(2) **“યુએ સીટીઝશીપ ગાઈડ”-$10.00,** (શીપિંગ સહિત), **યુએસ સીટીઝનશીપ મેળવવા માટે નવા N-400 ફોર્મની સમજ અને હવે 21 પાનના નવા ફોર્મ અંગેના પ્રશ્નોત્તર સાથે અદ્યતન 2014ની નવી આવૃત્તિ.**

(3) **“ડ્રાઈવિંગ ઈન યુએસએ ટેસ્ટ ગાઈડ”** *(અમેરિકાનાં 50 સ્ટેટ્સ માટે)*-**$7/** (શીપિંગ સહિત)નો ચેક **Josh Foundation** નામે લખીને એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને **ફોન નંબર** લખીને **કઈ બૂક મંગાવવી છે** તે લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલ્યા પછી બે વીકમાં આપને **બૂક ન મળે તો જ ફોન કરશો. રજીસ્ટર મેઈલ કરવી નહિ.**

**To,**



“American Christian news” published since 1988, by “Gujarati Christian Church”
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*